GJAH230002582025

C.C. No.170/2025
Ex. No.

(નમુનો:- અ)

| ધોલેરાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સટ કલાસ શ્રી પી.એન. લાખાણી સાહેબની કોર્ટમાં, મુ. ધોલેરા, જી. અમદાવાદ(રૂરલ) | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ | : | ૧૫/૦૪/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | : | ૧૭૦/૨૦૨૬ |
| પોલીસ સ્ટેશન/ એફ.આઇ. આર.નંબર | : | ૧૧૧૯૨૦૧૯૨૫૦૦૫૨/૨૦૨૫ |
| ગુનો | : | બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબ |

| | | |
|---|---|---|
| ફરીયાદી | : | પ્રદયુમનભાઇ વલ્લભભાઇ મેર,<br>રહે.મીંગલપુર,તા. ધોલેરા, જી. અમદાવાદ. |
| ફરીયાદપક્ષ તરફે | : | વિ.એ.પી.પી.શ્રી ડી. બી. રાઠોડ |
| આરોપીઓ | : | ૧) લક્ષ્મણભાઇ કરમશીભાઇ કાનાણી,<br>૨) ફલજીભાઇ કરમશીભાઇ કાનાણી,<br>બંને રહે. મીંગલપુર, તા. ધોલેરા, જી. અમદાવાદ. |
| આરોપીના વિ.વ.શ્રી | : | આરોપીઓ તરફે વિ.વ.શ્રી આર. બી. પટેલ |

(નમુનો:- બ)

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૨૭/૦૨/૨૦૨૫ |
| ફરીયાદની તારીખ | : | ૦૧/૦૩/૨૦૨૫ |
| ચાર્ઝશીટની તારીખ | : | ૦૪/૦૭/૨૦૨૫ |
| ચાર્ઝફ્રેમ/પ્લી તારીખ | : | ૦૬/૦૯/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૧૨/૧૧/૨૦૨૫ |
| ચુકાદો માટે રાખવાની તારીખ | : | ૦૮/૦૪/૨૦૨૬ |

| | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ | : | ૧૫/૦૪/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | – |

:આરોપીની વિગત:

| નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાન/ નિર્દોષ | સજા | Crpc: 428 માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | લક્ષ્મણભાઇ કરમશીભાઇ કાનાણી | ૨૯/૦૩/૨૦૨૫ | ૨૯/૦૩/૨૦૨૫ | બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ | નિર્દોષ | - | - |
| ૨ | ફલજીભાઇ કરમશીભાઇ કાનાણી | ૨૯/૦૩/૨૦૨૫ | ૨૯/૦૩/૨૦૨૫ | | નિર્દોષ | - | - |

(નમુનો :- ક)

ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

| અ.નં. | મૌખિક પુરાવો | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ દિનેશભાઇ ધનજીભાઇ પટેલની જુબાની | ૦૯ |
| ૨. | પંચ સાહેદ રોહીતભાઇ ઉજમશીભાઇ કાનાણી ની જુબાની | ૧૧ |
| ૩. | ફરીયાદી પ્રદયુમનભાઇ વલ્લભભાઇ મેરની જુબાની | ૧૬ |
| ૪. | સાહેદ મુન્નાભાઇ અભાભાઇ મેરની જુબાની | ૧૮ |
| ૫. | સાહેદ વિક્રમભાઇ અભાભાઇ મેરની જુબાની | ૧૯ |
| ૬. | સાહેદ વર્ષાબેન મુન્નાભાઇ મેરની જુબાની | ૨૦ |
| ૭. | સાહેદ ભાવેશભાઇ અભાભાઇ મેરની જુબાની | ૨૧ |

ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત:

(બી) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ

| અ.નં. | દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | પંચનામું | ૧૦ |
| ૨. | ફરીયાદ | ૧૭ |
| ૩. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૩ |
| ૪. | અટક પંચનામું | ૨૪ |
| ૫. | મેડીકલ સર્ટી | ૨૫ થી ૨૮ |

-:: ચુ કા દો ::-

(૧) આરોપીઓ સામે બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબ ફરીયાદીએ દાખલ કરેલી છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, તા. ૨૭/૦૨/૨૦૨૫ ના કલાક ૨૦.૦૦ વાગે મોજે મીંગલપુર ગામ ખાતે આ કામના ફરીયાદીના કાકાની દીકરી શીલ્પાનાઓને લઇ જઇ મૈત્રી કરાર કરેલ હોય જે બાબતે આ કામના સાહેદનાઓએ પુછતાં જેનું મનદુ:ખ રાખીને, આ કામના આરોપીઓઓ આ કામના સાહેદ મુન્નાભાઇ તથા વિક્રમભાઇનાઓને બિભત્સ ગાળો આપી તથા આ કામના ફરીયાદીનાઓ ત્યાં આવી અને આ કામના આરોપી લક્ષ્મણભાઇનાઓ તેઓના ઘરમાંથી લાકડી લઇ આવી, સાહેદ મુન્નાભાઇ નાઓને જમણા હાથના ખભાના ભાગે તથા સાહેદ વિક્રમભાઇ નાઓના ડાબા હાથના પોંચા ઉપર મારી તથા સાહેદ વર્ષાબેન નાઓને મુંઢ માર મારી તથા આરોપી નં-૨ નાઓએ ફરીયાદીને ફરસીના લાકડાના હાથાનો એક ઘા જમણા હાથના ખભા ઉપર મારી અને ફરીયાદી તથા સાહેદ મુન્નાભાઇ તથા વિક્રમભાઇનાઓને ગડદા પાટુનો માર મી અને ફરીયાદી તથા સાહેદનાઓને જતા જતા હવે પછી અમારું નામ લેશો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, મહે. અધિક જીલ્લા મેજી. સા.ના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો કરેલો છે અને તે મતલબની ફરીયાદ ફરીયાદીએ ધોલેરા પોલીસ સ્ટેશનમાં આપેલી છે.

(૩) ફરિયાદીએ આપેલ ફરીયાદના આધારે આરોપીઓ સામે ચાર્ઝશીટ દાખલ થયા બાદ, આરોપીઓને સમન્સ કરતાં, આરોપીને સમન્સ બજી ગયેલ અને આરોપીઓ હાજર થતાં, આરોપીઓને પોલીસ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ અને આરોપીઓ સામે આંક-૦૪ થી તહોમતનામું ઘડવામાં આવેલ અને ત્યારબાદ આરોપીઓની આંક-૦૪ અને ૦૫ થી પ્લી લેવામાં આવેલ જેમાં તેઓએ તેમની સામેના ગુનાનો ઇનકાર કરેલો અને સબબ કેસ આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ. જેથી, સદરહું ફરીયાદીનું કામ, ફરીયાદ પક્ષના પુરાવા ઉપર મુલતવી રાખવામાં આવેલ.

આ કામે રજુઆતો મુજબ પક્ષકારો વચ્ચે સારા માણસો પડવાથી ઘરમેળે સમાધાન થયેલ હોય અને પક્ષકારો વચ્ચે સારા સબંધો હોય અને તેઓએ સમાધાન અરજી આંક-૨૨ થી રજુ કરેલ હોય,જે સમાધાન પુરશીશ પક્ષકારોને તેઓના વિ.વ.શ્રીની હાજરીમાં વાંચી સંભળાવતા સ્વેચ્છાએ કબુલ રાખેલ હોય ત્યારે હાલના કેસના સંજોગો અને પરિસ્થતી તથા કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લેતાં, હાલના આરોપી સામે આક્ષેપાયેલા ગુના સબંધે તેઓએ આપેલ અરજી લગત બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૩૫૨ મુજબના ગુનામાંથી બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૯(૮) મુજબ સદરહું આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે તથા બી.એન.એસ.ની કલમ-૩૫૧(૩) સાથે વાંચતા કલમ- ૫૪ પુરતો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) દરમ્યાન ફરીયાદ પક્ષ ધ્વારા ઉપરોકત "નમુના અ" મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ અને ફરીયાદપક્ષે આંક-૨૯ થી કલોઝીંગ પુરશીશ રજુ કરી પુરાવો પુર્ણ થયેલાનું જાહેર થયા બાદ આરોપીઓના બી.એન.એસ.એસ. ની કલમ-૨૭૮ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ તેઓને પુછવામાં આવેલ આક્ષેપોને નકારેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે પોતે નિર્દોષ છે, પોતે કોઇ ગુનો આચરેલ નથી, દયા કરવા અરજ કરેલી છે.

(૫) બચાવપક્ષ ધ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી.

(૬) સદર કામે ફરીયાદ પક્ષ તરફે તેમજ બચાવ પક્ષ તરફે વિગતવારની મૌખિક

દલીલો સાંભળવામાં આવી.

(૭) બંને પક્ષોની દલીલો, પ્લીડીંગ્સ, પુરાવા તથા તમામ રેકર્ડ ધ્યાને લેતાં, આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**-:મુદાઓ:-**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૭/૦૨/૨૦૨૫ ના કલાક ૨૦.૦૦ વાગે મોજે મીંગલપુર ગામ ખાતે આ કામના ફરીયાદીના કાકાની દીકરી શીલ્પાનાઓને લઇ જઇ મૈત્રી કરાર કરેલ હોય જે બાબતે આ કામના સાહેદનાઓએ પુછતાં જેનું મનદુ:ખ રાખીને, આ કામના આરોપીઓઓ આ કામના સાહેદ મુન્નાભાઇ તથા વિક્રમભાઇનાઓને બિભત્સ ગાળો આપી તથા આ કામના ફરીયાદીનાઓ ત્યાં આવી અને આ કામના આરોપી લક્ષ્મણભાઇનાઓ તેઓના ધરમાંથી લાકડી લઇ આવી, સાહેદ મુન્નાભાઇ નાઓને જમણા હાથના ખભાના ભાગે તથા સાહેદ વિક્રમભાઇ નાઓના ડાબા હાથના પોંચા ઉપર મારી તથા સાહેદ વર્ષાબેન નાઓને મુંઢ માર મારી તથા આરોપી નં-૨ નાઓએ ફરીયાદીને ફરસીના લાકડાના હાથાનો એક ધા જમણા હાથના ખભા ઉપર મારી અને ફરીયાદી તથા સાહેદ મુન્નાભાઇ તથા વિક્રમભાઇનાઓને ગડદા પાટુનો માર મી અને ફરીયાદી તથા સાહેદનાઓને જતા જતા હવે પછી અમારું નામ લેશો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, મહે. અધિક જીલ્લા મેજી. સા.ના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલો છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

(૯) ઉપરોકત મુદદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

<u>- :: કારણો :: -</u>

<u>મુદા નં- ૧ અને ૨:-</u>

આ કામે ઉપરોકત મુદદાની અને આ કેસની ગુણદોષની ઉપર ચર્ચા કરતા પહેલા કાનુની સિધ્ધાંતને ધ્યાનમાં લેતાં ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીમાં પુરાવાનો બોજ હંમેશા ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષ પોતે વ્યાજબી પ્રકારની શંકાથી પર રહીને (BEYOND A REASONABLE DOUBT) પોતાની હકીકત પુરવાર કરવાની હોય છે. જયારે આરોપીએ પોતે પોતાનો બચાવ નિ:શંકપણે પુરવાર કરવાની કોઇ જરૂરીયાત રહેતી નથી પરંતુ ફરીયાદપક્ષના કેસ ઉપર વ્યાજબી પ્રકારની શંકા ઉત્પન્ન કરવાની હોય છે. પુરાવાનો બોજ અપવાદરૂપ કીસ્સા સિવાય કયારેય ફરીયાદપક્ષ ઉપરથી આરોપી તરફ ઢળતો નથી અને શંકાનો લાભ હંમેશા આરોપીને મળે છે પરંતુ એવું માની શકાય નહિં કે ફરીયાદપક્ષે પોતાનો કેસ તમામ પ્રકારની શંકાઓથી પર રહીને સાબિત કરવો પડે. ફરીયાદપક્ષે પોતાનોકેસ વ્યાજબી પ્રકારની શંકા(REASONABLE DOUBT) થી પર સાબિત કરવાનો રહે છે અને બચાવપક્ષ ધ્વારા એવો બચાવ લેવામાં આવે કે જે ફરીયાદપક્ષના કેસ સાથે સુસંગત નથી અથવા કેસના સંજોગોમાં તેવો બચાવ શકય જ નથી ત્યારે તેવા બચાવના આધારે ફરીયાદપક્ષના કેસને કાઢી શકાય નહી.

(૧૦) ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાનમાં રાખીને હાથ પરનો કેસ જોવામાં આવે તો, સદરહું ફરીયાદી તથા સાહેદોની જુબાની તે રેકર્ડ પર હોય અને આથી, પુનરાવર્તન ટાળવાના હેતુથી દરેક સાહેદોની જુબાની અલગ અલગ ચર્ચા કરવાને બદલે અહીં એકી સાથે ચર્ચા કરવામાં આવેલ છે. હાલના કામે આંક-૦૯ થી પંચ સાહેદ દિનેશભાઇ ધનજીભાઇ પટેલ તેમજ આંક-૧૧ થી પંચ સાહેદ રોહીતભાઇ ઉજમશીભાઇ કાનાણીનાઓ તેઓના પુરાવામાં જણાવે છે કે, પોલીસે તેઓની તૈયાર લખેલા કાગળમાં સહી લીધેલ અને તે પંચનામું શી બાબતનું હતું તેની તેઓને જાણ ન હોવાનું પંચો જણાવે છે. સદરહું પંચ સાહેદો જણાવે છે કે, તેઓની હાજરીમાં કોઇ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ હોય તેવું બનેલ ન હોવાનું તેઓ તેમના પુરાવામાં જણાવે છે. સદરહું તમામ પંચ સાહેદોને એ.પી.પી.શ્રી તરફથી ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં તેમાંથી કોઇ ફળદાયી હકીકત તેઓ

જણાવતાં નથી. સદરહું પંચ સાહેદોની બચાવ પક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તૈયાર પંચનામામાં સહી કરેલ અને તે સિવાય પંચનામા બાબતે બીજું કાંઇ જાણતા ન હોવાનું કબુલ રાખેલ હોય ત્યારે સદરહું તમામ પંચ સાહેદોના પુરાવાનો સાર જોતાં, તેઓ પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી.

(૧૧) હાલના કામે આંક-૧૬ થી તપાસેલા ફરીયાદી પ્રદયુમનભાઇ વલ્લભભાઇ મેર, આંક-૧૮ થી તપાસેલા સાહેદ મુન્નાભાઇ અભાભાઇ મેર, આંક-૧૯ થી તપાસેલા સાહેદ વિક્રમભાઇ અભાભાઇ મેર, આંક-૨૦ થી તપાસેલા સાહેદ વર્ષાબેન મુન્નાભાઇ મેર તેમજ આંક-૨૧ થી તપાસેલા સાહેદ ભાવેશભાઇ અભાભાઇ મેરનાઓ તેઓના પુરાવામાં મુખ્યત્વે જણાવે છે કે, ગઇ તા. ૨૭/૦૨/૨૦૨૫ ના રોજ આંઠેક વાગ્યાના સુમારે ફરીયાદીના કાકાની દીકરી શિલ્પાને આરોપી લક્ષ્મણભાઇનો દીકરો ચેતન થોડા દિવસ પહેલા લઇ ગયેલ હોય, અને મૈત્રી કરાર કરેલ હોય, જેથી લક્ષ્મણભાઇ નાઓને સાહેદ મુન્નાભાઇ તથા વિક્રમભાઇ એ પુછેલ કે તેઓની દિકરી શિલ્પા કયાં છે તો આ લક્ષ્મણભાઇ અને ફલજીભાઇ બોલાચાલી કરવા લાગેલા અને ફરીયાદી ત્યાં પહોંચેલ તો લક્ષ્મણભાઇ તથા ફલજીભાઇ સાહેદો વિક્રમભાઇ તથા મુન્નાભાઇ સાથે બોલાચાલી કરતા હતા. આ વખતે ત્યાં ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા હોય, ધકકા મુકકી માં પડી જવાથી ફરીયાદીને ઇજાઓ થયેલી. તેમજ ધકકા મુકકી ના કારણે પડી જવાથી સાહેદ મુન્નાભાઇ ને તેમજ સાહેદ વિક્રમભાઇ ને ઇજાઓ થયેલી અને સાહેદ વર્ષાબેન ને પણ ધકકા મુકકી માં પડી જવાથી ઇજાઓ થયેલી. આ સીવાય બીજુ કંઇ બનેલ ન હોવાનું ફરીયાદી તથા સાહેદો જણાવે છે. ત્યારબાદ તેઓએ આર.એમ.એસ. ધંધુકા ખાતે સારવાર કરાવેલી અને ઉશ્કેરાટ માં આવી ને ફરીયાદીએ પોલીસ માં ફરીયાદ આપેલાની હકીકત ફરીયાદી તથા સાહેદો જણાવે છે. ફરીયાદી તથા સાહેદો જણાવે છે કે, આરોપીઓએ ફરીયાદીને કે સાહેદ વિક્રમભાઇને કે મુન્નાભાઇ ને કે વર્ષાબેન ને કે તેઓની સાથેના કોઇ ને માર મારેલ હોય કે ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ ન હોવાનું ફરીયાદી તથા સાહેદો જણાવે છે.સદરહું ફરીયાદી ને તથા સાહેદોને વિ.એ.પી.પી.શ્રી તરફથી ફરી ગયેલા જાહેર કરી

ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં તેમાથી કોઇ ફળદાયી હકીકત તેઓ જણાવતા નથી. બચાવ પક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં પણ સદરહું ફરીયાદી તથા સાહેદો આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને માર મારેલ ન હોવાનું તેમજ ગાળો બોલીને કોઇ ધમકી આપેલ ન હોવાનું કબુલ રાખેલ છે. આરોપીઓ પાસે કોઇ હથિયારો ન હોવાનું તેમજ આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું ફરીયાદી તથા સાહેદો કબુલ રાખે છે. ઉપરાંતમાં, આ બનાવ સિવાય બીજો કોઇ બનાવ બનેલ ન હોવાનું પણ ફરીયાદી તથા સાહેદો કબુલ રાખે છે અને ડોકટરને હીસ્ટ્રીમાં કોઇ હકીકત લખાવેલ ન હોવાનું પણ ફરીયાદીએ કબુલ રાખેલ છે ત્યારે ફરીયાદી તથા સાહેદોનો પુરાવો વંચાણે લેતાં ફરીયાદ હકીકતને સમર્થન મળે તેવી એક પણ હકીકત રેકર્ડ પર જણાઇ આવતી નથી.

(૧૨) આથી ઉપરોકત રજુ થયેલ ફરીયાદપક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર આ કામના આરોપીઓએ ઉપરોકત જણાવેલ ગુનો કરેલ છે તે રેકર્ડ ઉપરથી ફલીત થતુ ના હોય તેમજ આ કામે ખુદ ફરીયાદીએ તથા સાહેદોએ પોતાના પુરાવાથી આવા દસ્તાવેજોની હકીકતોને સમર્થન કરેલ નથી. હાલના કામે જે ફરીયાદ તથા પંચનામું તથા મેડીકલ સર્ટી રજુ છે તેની હકીકતને ફરીયાદીની તથા સાહેદોની જુબાનીથી સમર્થન મળતું નથી અને આથી ફરીયાદની હકીકત તથા અન્ય દસ્તાવેજી પુરાવાની હકીકત બિનપુરવાર રહેવા પામે છે. આ સંજોગોમાં ફરીયાદપક્ષ દવારા મુકવામાં આવેલ તહોમત પૈકીની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે. જેથી, સદર ગુનો આરોપીઓ ધ્વારા આચરવામાં આવેલ છે તેવું રેકર્ડ ઉપર શંકા રહિત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. એટલે કે, સદર ગુના સાથે આરોપીઓને સાંકળતો કોઈ સીધો પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજૂ નથી કે ક્રમબધ્ધ પુરાવાની એવી અતૂટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીઓ ધ્વારા જ સદર ગુનો થયેલ હોય તેવુ એક માત્ર અનુમાન થઈ શકે. જેથી, તેનો કાયદેસર શંકાનો લાભ આરોપીઓને મળવા પાત્ર થાય છે, આથી ઉપરોકત રજુ થયેલ ફરીયાદપક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચા

કર્યા અનુસાર આ કામના આરોપીઓએ ગુનો આચરેલ હોવાનું રેકર્ડ ઉપરથી નિ:શંકપણે ફલીત થતુ ના હોય, આરોપીઓને તેમની સામેના આક્ષેપીત ગુન્હામાં તકસીરવાન ઠરાવી ફોજદારી જવાબદારી નક્કી કરી શકાય નહી. આમ, ફરિયાદપક્ષ હાલના આરોપીઓ સામે આક્ષેપીત ગુન્હાનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, જેથી મુદ્દા નંબર : ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નંબર : ૨ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

::હુકમ::

(૧) આ કામના આરોપીઓને બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના દરેક આરોપીએ બી. એન. એસ. એસ. ની કલમ-૪૮૧ મુજબ અપીલ સમયના જામીન તરીકે રૂ.૫,૦૦૦/- ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલનો અપીલ સમય વીત્યેથી ક્રીમીનલ મેન્યુઅલની જોગવાઇ મુજબ નાશ કરવો.

આ હુકમ તા. ૧૫ મી માહે એપ્રીલ સને. ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
LAKHANI PIYUSHKUMAR N
at Principal Civil Court, Dholera
on 15/04/2026 17:52:26 IST.

Date: 15/04/2026

Place: Dholera

**(Mr. Piyush Navinbhai Lakhani)**

Principal Civil Judge and
Judicial Magistrate First Class
Dholera, Dist. Ahmedabad(Rural)
Judge Code GJ01565

Visit ecourts.gov.in for updates or download mobile app "eCourts Services" from Android or iOS